Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



**Shree Atmanand Prakash**

**श्री आत्मानंद प्रकाश**

卐 પર્યુષણ પર્વ સંદેશ 卐

क्रोधस्तपःक्रियाघाती, क्रोधोऽप्रीतिप्ररोहकः ।
आत्मनाबलमुत्कृष्ट, क्षमा कल्याणमन्दिरम् ॥

ક્રોધ એ તપ અને ક્રિયાનો ઘાતક છે. ક્રોધના લીધે માણસ અપ્રિય બને છે.
ક્ષમા આત્માનું ઉત્કૃષ્ટ બળ છે અને કલ્યાણનું મંદિર છે....

Wrath destroys religious austerities and religious rituals and it makes one disagreeable to the people. Forgiveness is the highest power of the soul and an above of spiritual welfare


| | | |
|---|---|---|
| પુસ્તક : ૯૨ | અષાડ–શ્રાવણ | આત્મ સંવત : ૯૯ |
| 卐 | 卐 | વીર સંવત : ૨૫૨૧ |
| અંક : ૯–૧૦ | જુલાઈ–ઓગસ્ટ : ૯૫ | વિક્રમ સંવત : ૨૦૫૧ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | પ્રાર્થના.... ક્ષમાપના.... શુભ ભાવના.... | — | ૪૫ |
| ૨ | પર્વ પર્યુષણ (કાવ્ય) | — | ૪૬ |
| ૩ | તપસા નિર્જરા ચ.... | (સ્વ) મનસુખલાલ તારાચંદ મહેતા | ૪૭ |
| ૪ | ચંડ રૂદ્રાચાર્યની કથા | સંપાદિકા : ભાનુમતિ ન. શાહ | ૫૧ |
| ૫ | પર્યુષણ પર્વનો પાવન સંદેશ | શ્રી અગરચંદ નાહટા | ૫૩ |
| ૬ | પ. પૂ. શ્રી જંબુવિજયજી મ. સાહેબ ઉપર વિદેશથી આવેલા પત્રો | | ૫૫ |
| ૭ | સંપત્તિ વધે છે તેમ સુખ ઘટે છે | ચીમનલાલ એમ. શાહ (કલાધર) : મુંબઈ | ૫૬ |
| ૮ | હિન્દી વિભાગ | | |


## આ સભાના નવા પેટ્રન સભ્યો

૧ શ્રી કીરીટકુમાર પ્રભુદાસ શાહ — ભાવનગર

૨ શ્રી નિશીથ પોપટલાલ મહેતા — ભાવનગર

## આ સભાના નવા આજીવન સભ્યો

૧ શેઠશ્રી દલીચંદ ગુલાબચંદ શાહ (ચણીયાવાળા) (શીહોરવાળા) હાલ-ભાવનગર

૨ શ્રી અરવિંદભાઇ ચંદુલાલ બુટાણી — ભાવનગર

૩ શ્રી બુધેશકુમાર મનસુખલાલ ગાંધી — ભાવનગર


૪ શ્રી ઇશ્વરલાલ છોટાલાલ શાહ — ભાવનગર

## નમ્ર અપીલ

શ્રી જૈન આત્માનંદ સભાએ સંવત ૨૦૫૧ ના જેઠ શુદ ૨ ના રોજ ૧૦૦ મા વર્ષમાં મંગલ પ્રવેશ કરેલ છે. મંગલ પ્રવેશ નિમિત્તે શ્રી જૈન આત્માનંદ સભાના સભ્યોને નમ્ર અપીલ છે કે ૧૦૦ મા વર્ષની ઉજવણી કેવી રીતે કરવી તે અંગેના પોતાના સૂચનો-લેખો તાત્કાલીક શ્રી આત્માનંદ સભા, ખારગેઈટ, ભાવનગર-૩૬૪ ૦૦૧ એ સરનામે મોકલી આપવા વિનંતિ....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ




## પ્રાર્થના

હે જિનેન્દ્ર ! જ્યાં સુધી નિર્વાણની પ્રાપ્તિ ન થાય, ત્યાં સુધી તમારા ચરણો મારા હૃદયમાં લીન રહે અને મારૂં હૃદય તમારા ચરણોમાં લીન રહે.

## ક્ષમાપના

જે જે પાપ વૃત્તિઓ મેં મનમાં સંકલ્પી હોય, જે જે પાપ વિચારો મેં વાણીથી ઉચ્ચાર્યા હોય, અને જે જે પાપકર્મો મેં કાયાથી કર્યાં હોય તે સર્વે મારાં દુષ્કૃત્યો મિથ્યા થાઓ.

## શુભ ભાવના

સર્વે પ્રજાઓનું કલ્યાણ હો, શાસક ધાર્મિક અને બલવાન હો, સમય સમય પર યોગ્ય વર્ષા વર્ષો, રોગનો નાશ હો, ક્યાંય પણ ચોરી ન હો, મહામારી ન ફેલાઓ અને સર્વ સુખોને આપનાર જિનેન્દ્રનું ધર્મચક્ર શક્તિશાલી હો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir





# પર્વ પર્યુષણ

પર્વ પર્યુષણ પધારો ! શાંતિનો સંદેશ દો;
વૈરથી ભયત્રસ્ત જગને, પ્રેમનો પયગામ દો.

મંદિરો, ઉપાશ્રયો ને, સ્થાનકેથી નીકળી;
સ્થાન જનનાં હૃદયમાં લો, આશ પૂરો અવનવી.

મૃતપ્રાય માનવતા થઇ, ફેલાઈ દાનવતા બધે;
મૈત્રી, કરુણા, ભાવના, શુભ આવતાં નથી દૃષ્ટિએ.

આવા વિકટ સંયોગમાં, તમ આગમન છે સાંત્વના;
દાનવી હૃદયો બદલ દો, એ જ છે અભ્યર્થના

શક્તિનો, વિજ્ઞાનનો, જડવાદ વધતો જાય છે;
ભાન ભૂલી તે તરફ, અજ્ઞાની જન ખેંચાય છે.

નાશ કરી જડવાદનો, દીપ જ્ઞાનનો પ્રગટાવજો;
ત્યાગને તપથી જગતને, શિવ માર્ગે દોરજો.

'જીવું અને જીવાડું' એ, નથી ધર્મ હિતકારી જગે;
'જીવાડું ને જીવું' જ, સાચો ધર્મ ભગવંતો કહે.

એ સનાતન સત્ય શાશ્વત, જન હૃદયમાં સ્થાપજો;
પર્વ પર્યુષણ પધારો ! વિશ્વનું કલ્યાણ હો

卐

# ક્ષમાપના

કરથી ચરણથી વા, વાણીથી કર્મથી વા;
શ્રવણ નયનથી વા, બુદ્ધિથી વા સ્વભાવે.
કૃત તમ અપરાધો, જીવ સૌ તે ખમાવું;
મુજ પ્રતિ તમ દોષો, હું ખમી મૈત્રી દાખું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# તપસા નિર્જરા ચ......

લે. : ( સ્વ. ) મનસુખલાલ તારાચંદ મહેતા

તત્ત્વાર્થ સૂત્રમાં **તપસા નિર્જરા ચ...** અર્થાત્ તપથી નિર્જરા થાય છે એમ કહ્યું છે. વારંવાર આત્માને કેળવતાં જેટલે જેટલે અંશે રાગ-દ્વેષ વગેરે વિકૃતિઓના સંસ્કારો આત્મા ઉપરથી ખરવા માંડે-જરવા માંડે તેટલે તેટલે અંશે નિર્મળ થયેલ આત્માની પરિસ્થિતિનું નામ નિર્જરા છે. નિર્જરા તપને આધીન છે. વિદ્યમાન કર્મ તપના પ્રભાવથી ક્રમે ક્રમે નાશ પામે છે. જ્યારે કર્મોનો સંપૂર્ણ પણે ક્ષય થાય છે ત્યારે મોક્ષની પ્રાપ્તિ થાય છે. એટલે મોક્ષનું કારણ નિર્જરા છે અને તપથી નિર્જરા થાય છે.

રાગ-દ્વેષાદિને લઇને આત્મા પર જે કર્મની અસર થાય છે એને રોકવી તેનું નામ સંવર છે. કર્મના ત્રણ પ્રકારો હોય છે. સંચિત, પ્રારબ્ધ અને ક્રિયમાણ સંવરથી ક્રિયમાણની શુદ્ધિ અને પ્રારબ્ધ કર્મને સમભાવે વેદના કરવાની શક્તિ પ્રાપ્ત થાય છે. પરન્તુ સંચિત કર્મોના ક્ષય માટે નિર્જરાની આવશ્યકતા છે. કર્મને ભોગવીને કર્મનો ક્ષય થઇ શકે છે, પણ કર્મ ભોગવતી વખતે દુઃખ કે સુખના સંસ્કારો જન્મે છે તે કર્મ તદ્દન નિર્મૂળ થયું ન ગણાય, કારણ કે તેમાં વૃત્તિ પર જે સંસ્કારો રહે છે તે અનુકૂળ નિમિત્ત મળતાં પુનઃ જાગૃત થાય છે.

નિર્જરાના બે ભેદો બતાવ્યા છે. (૧) સકામ નિર્જરા (૨) અકામ નિર્જરા ગમે તેવી પ્રતિકૂળ અગર અનુકૂળ પરિસ્થિતિ ઉત્પન્ન થાય તો પણ તે વખતે એ સ્વકૃત કર્મોનું જ પરિણામ છે એવી દૃઢ શ્રદ્ધા અને આવી સમજુતિ પૂર્વક સ્વેચ્છાએ કર્મફળ ભોગવવા માટેની તૈયારી તેમજ સંહષ્ણુતાપૂર્વક એને વેદી લેવાની ક્રિયા એ સકામ નિર્જરા છે. કર્મ મુક્તિ માટેનો આ રાજમાર્ગ છે.

સકામ નિર્જરાના બે ભેદો છે. (૧) સવિપાક નિર્જરા (૨) અવિપાક નિર્જરા. કર્મના ફળભોગ પછી એ કર્મનો સ્વાભાવિક ક્ષય થાય છે તેને સવિપાક નિર્જરા કહેવાય છે. પરન્તુ કર્મનો ઉદય આવે ત્યાં સુધી રાહ ન જોતાં તપશ્ચર્યા દ્વારા પણ કર્મનો ક્ષય કરી શકાય છે જેને અવિપાક નિર્જરા કહેવામાં આવે છે.

તપશ્ચર્યા એ કર્મને બાળવા માટે એક અદ્ભુત રસાયણ છે. જરૂરી એવું આધ્યાત્મિક બળ કેળવવા માટે વાસનાઓને ક્ષીણ કરવી એ જરૂરનું છે અને તે અર્થે શરીર, ઇંદ્રિયો અને મનને તાપણીમાં તપાવવા પડે છે. આવી બધી ક્રિયાને 'તપ' કહેવાય છે. તાવ કે કોઇપણ રોગથી પીડાતો મનુષ્ય, જો તેનું દુઃખ-રોગ સામે કશી ફરિયાદ કર્યા સિવાય તથા તે માટે કશી ચિન્તા કર્યા સિવાય સહન કરે છે તો તે પણ મોટું તપ થાય છે, એમ જે સમજે છે તેને તપનું સહન શક્તિરૂપ મોટું ફળ મળે છે.

તપનો અર્થ સમજાવતાં શાસ્ત્રોમાં કહ્યું છે કે **ઇચ્છાનિરોધસ્તપઃ** અર્થાત્ ઇચ્છાને રોકવી તેનું નામ તપ. શુભ-અશુભ ઇચ્છા મટતાં ઉપયોગ શુદ્ધ થાય ત્યાંજ નિર્જરા થાય છે. તપના મુખ્ય બે વિભાગો છે. બાહ્ય તપ અને આભ્યંતર તપ. જે તપમાં શારીરિક ક્રિયાની પ્રધાનતા રહેલી હોય તેમજ બાહ્ય દ્રવ્યની અપેક્ષાવાળું હોવાથી બીજાઓ વડે દેખી શકાય તેને બાહ્ય તપ કહેવાય છે અનશન, અવમૌદર્ય (ઉણોદરી), વૃત્તિ પરિસંખ્યાન (વૃત્તિ સંક્ષેપ),

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રસ પરિત્યાગ, વિવિક્ત-શય્યાસન ( સંલીનતા ) અને કાયકલેશ–આ બાહ્ય તપ છે. જેમાં માનસિક ક્રિયાની પ્રધાનતા હોય અને જે બાહ્ય દ્રવ્યની અપેક્ષા ન રાખતું હોવાથી બીજા વડે દેખી ન શકાય તેને આભ્યંતર તપ કહેવાય છે. ટૂંકામાં બાહ્ય તપ તે શારીરિક તપ છે અને આભ્યંતર તપ એ માનસિક તપ છે. પ્રાયશ્ચિત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, વ્યુત્સર્ગ અને ધ્યાન–આ આભ્યંતર તપના પ્રકારો છે. બાહ્ય તપ એ સ્થૂળ અને લૌકિક જણાવા છતાં તેનું મહત્ત્વ આભ્યંતર તપની પુષ્ટિમાં ઉપયોગી થવાની દૃષ્ટિએ જ મનાયેલું છે. બાહ્ય દેખાતી ઈંદ્રિય દમન અને દેહદમનની તપશ્ચર્યા શાસ્ત્રોએ આંતરશુદ્ધિ અને આંતર વિકાસની અપેક્ષાએ જરૂરની માની છે. શરીર, મન અને આત્મા એ ત્રણેમાં ભિન્નતા અને ભેદ સ્પષ્ટ હોવા છતાં એ ત્રણે એક બીજા સાથે એવા જોડાયેલાં છે કે વ્યવહાર દૃષ્ટિએ તો એ ત્રણે અભિન્ન છે એમ માનીને જ સાધના કરવી પડે છે.

જૈનશાસ્ત્રોએ તપની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે, 'જેનાથી રસ, રૂધિર, માંસ, મેદ, અસ્થિ, મજ્જા અને શુક્ર એ શરીરની સાતે ધાતુઓ તથા અશુભ કર્મો તપે-બળીને નાશ પામે તેને તપ જાણવું. જે પ્રવૃત્તિથી કર્માવરણો તથા વાસનાઓ બળીને ભસ્મીભૂત થાય તેને તપ કહેવામાં આવે છે. તપ શબ્દ **તપ** ધાતુ ઉપરથી બનેલો છે. **તપ** એટલે તપાવવું, એટલે કે શરીરને તેમજ ઉપલક્ષથી કર્મોને તપાવે, બાળી નાખે તે તપ કહેવાય.

નિર્જરાથી આત્મ શુદ્ધિ કરવા અર્થે તપ કરવાનો છે. તેને બદલે બીજા કોઇ આશયથી તપ કરવામાં આવે તો તેનું ફળ ઘણું ઓછું થઇ જાય છે. તપ, કર્મની નિર્જરા માટે કરવામાં આવે છે. પણ નિર્જરાનો આધાર ભાવ ઉપર છે. શરીર ઉપાશ્રયમાં બેઠેલું હોય અને મન સાંસારિક કાર્યોમાં અશુભ અને સાવદ્ય ભાવોમાં રમતું હોય તો તેમનું કોઇ નક્કર ફળ પ્રાપ્ત થઇ શકતું નથી. અનુયોગદ્વારા સૂત્રમાં કહ્યું છે કે: 'જે સમભાવથી વર્તે છે તેના જ તપ-નિયમ, સંયમ વગેરે સફળ છે. સમભાવ વિના તપ-નિયમાદિ સફળ થતાં નથી. જો તપ કર્યું અને બીજાને કષ્ટ આપ્યું, સંયમ લીધો અને બીજાઓ પર હકુમત ચલાવી તો એ સમભાવ રહિત સંયમ છે.'

બાહ્ય તપમાં ઉપવાસ શ્રેષ્ઠ તપ છે, કારણ કે તેમાં આહાર સંબધી સર્વ પ્રકારની ઉપાધિથી આત્મા તેટલો વખત સર્વથા નિવૃત્ત થાય છે અને ધર્મધ્યાનમાં કે આત્મ રમણતામાં લાગી જાય છે. કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચદ્રાચાર્યજીએ કહ્યું છે કે "ક્રોધ, માન, માયા, લોભ એ ચાર કષાય તથા પાંચ ઈંદ્રિયોના વિષયોના ત્યાગ સહિત જો આહારનો ત્યાગ કરે તો જ તેને ઉપવાસ કહેવાય. પણ જો માત્ર આહારનો ત્યાગ કર્યો હોય અને ચાર કષાય તથા પાંચ વિષય, એ નવ દોષમાંથી એકપણ દોષ અંતરમાં રહ્યો હોય, તો મહાપુરૂષો તેને ઉપવાસ નહિ પણ લાંઘણ કહે છે."

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે પણ કહ્યું છે કે: 'જે તપમાં કષાયનો રોધ, બ્રહ્મચર્યનું પાલન અને વીતરાગ દેવનું ધ્યાન થતું હોય તે જ તપ શુદ્ધ જાણવું. બાકી સર્વ તો માત્ર લાંઘણ સમજવી.'

**ઉપ સમિપે યો વાસો જીવાત્મપરમાત્મનઃ।** અર્થાત્ જીવાત્મા અને પરમાત્માનો સમીપવાસ એ ઉપવાસ. પરમાત્માની સમક્ષ જીવન એજ ઉપવાસ. માત્ર ભૂખ્યા રહેવું અને ફાવે તેમ વર્તવું તે ઉપવાસ નહિ પણ અપવાસ અર્થાત્ ખરાબ વાસ, ખરાબ જીવન. ( અપ, ઉપસર્ગનો અર્થ નીચેનું, ઊતરતું, હીન થાય છે એ અર્થમાં )

પૂ. ન્યા. ન્યા. શ્રી ન્યાયવિજયજી મહારાજે તેમના 'અધ્યાત્મતત્ત્વાલોકઃ'માં ઉપવાસ વિષે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લખતાં જણાવ્યું છે કે : ' તત્ત્વજ્ઞો ઉપવાસ શબ્દથી મહાન આદર્શની સમીપમાં વાસ કરવો એવો અર્થ જણાવે છે. કષાયવૃત્તિ અને વિષય પ્રવૃત્તિનો ત્યાગ કર્યા વગર ઉપવાસ સિદ્ધ થતો નથી. '

આ ઉપરથી તપાચરણની સાથેસાથ સંયમની કેટલી જરૂરિયાત છે તે સમજી શકાશે. તપ શા માટે કરવું જોઇએ. ? કઇ રીતે કરવું જોઇએ ? તપ કરવા પાછળ કેવું ધ્યેય હોવું જોઇએ ? તે સંબંધમાં દશવૈકાલિક સૂત્રમાં કહેવામાં આવ્યું છે કે :-

( અ ) આ લોકના સુખ માટે કે ધન, સ્ત્રી, પુત્ર વગેરે ઇચ્છિત વસ્તુઓની પ્રાપ્તિ માટે તપ ન કરવું જોઇએ. તપથી માગીએ તે મળી શકે પરંતુ તપ પાસેથી આવી વસ્તુઓની માગણી કરવાથી તપને લાંછન લાગે છે, અને તપનું સારૂં ફળ ઓછું થઇ જાય છે.

( બ ) પરલોકમાં પૌદ્ગલિક ઇચ્છિત સુખ મળે તે હેતુથી તપ ન કરવો. તપથી આવી ઋદ્ધિ સિદ્ધિ મળે પણ તેથી આત્મા આર્તરૌદ્ર ધ્યાનમાં પડી જાય છે અને પરિણામે મહા દુઃખમાં પડે છે. મોક્ષના મહાન ફળને આપવાની શક્તિવાળો તપ તુચ્છ ફળની ખાતર વેડફાઇ જાય છે.

( ક ) લોકોમાં કીર્તિ વધે, પ્રશંસા, બોલબાલા થાય, માન મળે તેવા ઇરાદાથી કે પૂજા સત્કારની અપેક્ષાએ તપ ન કરવું.

( ડ ) કર્મની નિર્જરાના આશય સિવાય બીજો કોઇપણ આશય તપ કરવાની પાછળ ન હોવો જોઇએ.

અગ્નિના તાપમાં સુવર્ણ જેમ શુદ્ધ થાય છે, તેમ કર્મરૂપી રજથી મલિન થયેલા આત્માને શુદ્ધ કરવા તપ એક અમોઘ સાધન છે અને તેથી જ તપ એક મહાન સાધના છે. પરન્તુ વિષય કષાયાદિ દોષો દૂર કર્યા સિવાય, વૃત્તિઓ પર વિજય મેળવ્યા વિના, આત્મસ્વરૂપમાં રમણતા કર્યા સિવાય તપથી કોઇ ખાસ લાભ થઇ શકતો નથી. ઉપાધ્યાય **શ્રી યશોવિજયજી મહારાજે** કહ્યું છે કે :-

દુર્બલ નગ્ન માસ ઉપવાસી, જોઇ માયા રંગ;
તો તે ગર્ભ અનંતા લેશે, બોલે બીજું અંગ.

અર્થાત્ માસક્ષમણને પારણે માસક્ષમણના ઉપવાસો કરી પારણાને દિવસે માત્ર સુકા પાંદડાં અથવા અડદના મુઠ્ઠીભર બાકુલા ખાઇને કરોડ વરસ સુધી તપસ્યા કરી, નગ્ન દિગંબરપણે જંગલમાં વિચરી શરીરને હાડપિંજર બનાવી દે; પણ જો તેના હૃદયમાં માયાનો અંશ રહી જાય તો તેણે અનંતા ભવો લેવા પડશે. આજ અર્થમાં શ્રી ઉમાસ્વાતિ મહારાજે તત્ત્વાર્થ સૂત્રમાં **નિઃશલ્યો વ્રતી** અર્થાત્ જે શલ્ય વિનાનો હોય તેને જ વ્રતી થવાનો અધિકાર છે એવું કહ્યું છે.

પૂજ્ય મહાત્મા ગાંધીજીએ પણ કહ્યું છે કે : ' તપાદિની સાથે શ્રદ્ધા, ભક્તિ, નમ્રતા ન હોય, તો તપ એ મિથ્યા કષ્ટ છે. તે દંભ પણ હોય. એવા તપસ્વી કરતાં સુખપૂર્વક ખાનારા પ્રભુભક્ત હજારગણા સારા છે. '

દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે : ' જે તપ કરે છે પણ કષાયનો નિરોધ નથી કરતો તે બાહ્ય તપસ્વી છે. ગજસ્નાનની માફક તેનું તપ કર્મોની નિર્જરાને માટે નહિ પણ અધિક કર્મબંધનું કારણ બને છે. '

સૂત્રકૃત્તાંગ સૂત્રમાં કહ્યું છે કે : ' મોટા કુળમાં ઉત્પન્ન થયેલો હોઇને જેઓએ દીક્ષા લીધેલી હોય અને જેઓ મહા તપસ્વી હોય તેવાઓનું તપ પણ જો કીર્તિની ઇચ્છાથી થયેલું હોય તો તે શુદ્ધ નથી. પોતાની પ્રશંસા કરવા કરાવવા માટે પોતાના તપની બીજાને જાણ કરે નહિ તો જ તે ખરૂં તપ છે. '

માણસ પોતાની વૃત્તિના સ્વરૂપને સમજ્યા વિના માત્ર વસ્તુનો ત્યાગ કરી દે તો તેથી તેના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્માનું કલ્યાણ થતું નથી. મહાન તત્ત્વજ્ઞાની શ્રીમદ્ રાજચંદ્રજીએ સાચું જ કહ્યું છે કે :

લહ્યું સ્વરૂપ ન વૃત્તિનું, ગ્રહ્યું વ્રત અભિમાન;
લહે નહિ પરમાર્થને, લેવા લૌકિક માન.

વૃત્તિ શી વસ્તુ છે? તે ક્યાંથી ઉત્પન્ન થાય છે? તેનો ક્ષય, ક્ષયોપશમ તથા ઉપશમ કેમ થાય? તેનું યથાર્થ સ્વરૂપ પરમ જ્ઞાનીના સમાગમે જાણ્યા વિના વ્રત કરવાથી પરમાર્થ માર્ગની પ્રાપ્તિ થતી નથી, પણ લૌકિક માન તથા પૌદ્‌ગલિક સુખથી માત્ર સંસારની વૃદ્ધિ જ થાય છે.

દાન, શીલ, તપ અને ભાવના એમ ધર્મના ચાર પ્રકાર કહ્યાં છે દાન અને શીલ પછી તપ મૂકવાનું કારણ એ છે કે દાન શીલના શુદ્ધ આચરણ પછી જ માણસ તપ કરવાને લાયક બને છે. તેને માટે કહેવામાં આવ્યું છે કે :-

શાન્તો દાન્તો નિરારંભ, ઉપશાન્તો જિતેન્દ્રિયઃ;
એતદારાધકો જ્ઞેયો, વિપરીતો વિરાધકઃ

અર્થાત્ ક્ષમાવાન, ઇંદ્રિયોને દમનાર, પાપ કર્મનો નાશ કરનાર. સમતાવાળો. જિતેન્દ્રિય ખરેખરો આરાધક છે અને તે તપના ખરા ફળને પામે છે, તેથી વિપરીત વર્તનારો વિરાધક છે.

તપના ઘણા પ્રકારો છે, પણ પોતાની શક્તિ અને વિવેકપૂર્વક તપની આરાધના કરવી જોઇએ. આ સંબંધમાં કહેવામાં આવ્યું છે કે :-

સો અ તવ્વો કાયવ્વો,
જેણ મણો મંગુલં ન ચિતેહ;
જેણ ન ઇંદ્રિયહાણી,
જેણ ઓગા ન હાયંતિ.

અર્થાત્ જે તપ કરવાથી મનમાં અશુભ વિચારો આવે નહિ. મનમાં સમાધિ રહે અને ઇંદ્રિયોની હાનિ થાય નહિ અથવા ઇન્દ્રિયો પોતાનું કાર્ય કરી શકે તેમજ યોગોની હાનિ થાય નહિ એવી રીતે તપ કરવો. 卐 卐 卐



વેરથી વેર શમે નહિ જગમાં,
પ્રેમથી પ્રેમ વધે જીવનમાં....

卐

લોહીથી ખરડાયેલા કપડા લોહીથી ધોવાતા નથી....
અને સાફ કરવા તો
નિર્મળ પાણી જ જોઇએ.
દ્વેષથી ખરડાયેલું આ હૈયુ
દ્વેષથી ક્યારેય ધોવાશે નહિ....
હૈયાના વેર-ઝેરને શાંત કરવા તો
પ્રેમનું શીતલ પાણી જ જોઇએ....
એ શીતલ પાણીની સરિતા એટલે
આપણું પર્યુષણ પર્વ....ક્ષમાનું પર્વ....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ચંડ રૂદ્રાચાર્યની કથા

સંપાદિકા : ભાનુમતિ ન. શાહ

વિશુદ્ધ મનવાળો જીવ સર્વ જીવોને ખમાવતો અને પોતે પણ ક્ષમા આપવામાં તત્પર ચંડ રૂદ્રાચાર્યની જેમ તેજ ક્ષણમાં કર્મક્ષય કરી કેવળજ્ઞાન પામે છે.

ઉજ્જયિણી નગરીમાં પાપપ્રવૃત્તિનો ત્યાગ કરનાર ગીતાર્થ એવા ચંડ રૂદ્ર નામના પ્રસિદ્ધ આચાર્ય હતા. પરંતુ તે પ્રકૃતિથી જ પ્રચંડ કોપવાળા હતા તેથી મુનિઓની સાથે રહેવા અસમર્થ થયા અને સાધુઓથી રહિત વસતિમાં રહી એકાંત સ્વાધ્યાય ધ્યાનમાં તત્પર બની યત્નપૂર્વક ઉપશમ ભાવનાથી આત્માને દૃઢ રીતે શુભ ભાવમાં રાખતા ગચ્છની નિશ્રામાં રહે છે.

હવે એક વખત ક્રિડાપ્રિય એવા મિત્રોની સાથે નવા પરણેલો અલંકાર વિગેરેથી સુશોભિત એવા એક શેઠનો પુત્ર ત્રણ રસ્તા ચૌટુ અને બજાર વિગેરેમાં ફરતા તે સાધુઓની પાસે આવી બેઠા. તેના મિત્રોએ મશ્કરીપૂર્વક કહ્યું કે, હે ભગવંત! આ અમારો મિત્ર સંસારના વાસથી ઉદ્વેગ પામેલો છે અને દીક્ષા ગ્રહણ કરવા ઇચ્છે છે. એથી જ વિવિધ પ્રકારના શણગાર સજી અહીં આવેલો છે, તો આને દીક્ષા આપો. મુખની આકૃતિ અને તેઓની ચેષ્ટા જાણવામાં કુશળ મુનિઓ તેઓને મશ્કરી કરતા ન જાણતા હોય તેમ પોતાનું કાર્ય કરવા લાગ્યા. આ પ્રમાણે વારંવાર તેઓ મશ્કરી પૂર્વક બોલતા અટકતા નથી. તેટલામાં 'કુશિક્ષણવાળા આ લોકો શિખામણ લે' એમ વિચાર કરી સાધુઓએ એકાંત પ્રદેશમાં રહેલા ચંડ રૂદ્રાચાર્ય આ અમારા ગુરૂ દીક્ષા આપશે એમ કહ્યું. તેથી તેઓ ક્રિડા પ્રિય હોવાથી આચાર્ય મહારાજ પાસે ગયા અને પૂર્વની માફક આ શેઠના પુત્રને દીક્ષા ગ્રહણ કરવાની ઇચ્છા છે, એ પ્રમાણે કહ્યું. આ મહા પાપીઓ મારી સાથે પણ મશ્કરી કરે છે તેથી ચિત્તની અંદર ઉત્પન્ન થયેલા અત્યંત ક્રોધવાળા આચાર્ય મહારાજે કહ્યું, જો એ પ્રમાણે જ હોય તો મને થોડી જલ્દી રાખ આપો. પછી શેઠના પુત્રને પોતાના હાથ વડે મજબુત પકડીને નમસ્કાર મહામંત્રનું ઉચ્ચારણ કરતાં સુરી ભગવંતે લોચ કરવાનો પ્રારંભ કર્યો. ભવિતવ્યતાના યોગથી જ્યારે મિત્રો કંઇપણ બોલતા નથી ત્યારે શેઠનાં પુત્રે કહ્યું, 'હે ભગવંત! અત્યાર સુધી તો મશ્કરી હતી પરંતુ હાલમાં સંયમ પ્રત્યે મને સદ્ભાવ જાગ્યો છે, તેથી આપ મારા ઉપર કૃપા કરો અને સંસાર સમુદ્રને તરવામાં નાવ સમાન મોક્ષસુખને આપનાર જગતગુરૂ જિનેશ્વર ભગવંતે કરેલી ભાવપ્રધાન દીક્ષા મને આપો.' આ પ્રમાણે કહેવાથી આચાર્ય મહારાજે તેને દીક્ષા આપી. તેના મિત્રો મુઝાયેલા પોતાને સ્થાને ગયા. તે વખતે નવ દિક્ષિત સાધુએ કહ્યું, 'હે ભગવંત! મારા ઘણા સ્વજનો અહિં રહે છે, તેથી નિર્વઘ્ને ધર્મ કરવા હું શક્તિમાન થઇશ નહિ, માટે આપણે બીજા ગામમાં જઇએ.' ગુરૂએ એ પ્રમાણે થાય, એમ અનુમતિ આપી પછી ગુરૂ ભગવંત રસ્તો જોવા તેને મોકલ્યો. માર્ગ જોઇને તે આવ્યા પછી ગુરૂ ભગવંત ઘડપણથી કંપતા ધીમે પગલે ચાલતાં તે નવ દીક્ષિતના ખભા ઉપર જમણો હાથ ટેકવી ચાલવા લાગ્યા. રાત્રિમાં આંખે ઓછું દેખાવાથી માર્ગમાં વારંવાર પગની સ્ખલના થવાથી અત્યંત કોપાયમાન થયેલા ગુરૂએ વારંવાર નવ દીક્ષિતનો

For Private And Personal Use Only

તિરસ્કાર કરી કહ્યું કે શું તે માર્ગ જોયો નથી? એ પ્રમાણે વારંવાર કર્કશ વચન બોલતાં નવ દીક્ષિતના માથામાં દંડથી પ્રહાર કરે છે, ત્યારે નવ દીક્ષિત સાધુ અહો! મહા પાપી એવા મેં આ મહાત્માને આવા પ્રકારના દુઃખરૂપી સમુદ્રમાં નાખ્યા, હું એક જ આ ધર્મના ભંડાર એવા આ આચાર્યના શિષ્યના બાનાથી શત્રુ જેવો થયો. મારા આ ખરાબ આચરણને ધિક્કાર પડો. એ પ્રમાણે પોતાના આત્માને નિંદતા તેને એવી કોઈ શુભ ભાવના ઉત્પન્ન થઈ જે ભાવનાથી તેને નિર્મળ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું ત્યાર પછી નિર્મળ કેવળજ્ઞાન થવાથી ત્રણે ભુવનના વસ્તુ સમુદાયને જાણનાર તે શિષ્ય તેવી રીતે માર્ગમાં ચાલવા લાગ્યા જેથી પગની સ્ખલના થતી નથી

હવે સવાર થયું. દંડના પ્રહારથી નીકળેલી લોહીની ધારાથી ખરડાયેલા પોતાના નવ દિક્ષીત શિષ્યને જોઈ ચંડ રૂદ્રાચાર્ય વિચાર કરે છે પહેલે દિવસે દિક્ષીત થયેલા પણ આ શિષ્યની અહો કેવા પ્રકારની ક્ષમા છે!.... મારી શ્રુતની સંપદા નિષ્ફળ ગઈ. ક્ષમાગુણથી રહિત મારા આચાર્યપણાને ધિક્કાર પડો. આ પ્રમાણે વૈરાગ્યની વૃદ્ધિથી તે શિષ્યને ઉત્કૃષ્ટ ભક્તિવડે ખમાવતા તેઓ તેવા પ્રકારના ધ્યાનને પામ્યા કે જે ધ્યાનના પ્રભાવથી તે પણ કેવળી થયા. આ પ્રમાણે તે બન્ને કેવળી ભગવંતો અનેક ભવ્ય જીવોને પ્રતિબોધ કરી અજરામર પદને પામ્યા. આ પ્રમાણે ખમાવીને અને ક્ષમા આપીને જીવો અત્યંત પાપના સમુદાયને ક્ષય કરનારા થાય છે.

ક્ષમા આપવામાં તત્પર સાધુ ભગવંત અનુપમ તપ અને સમાધિમાં આરૂઢ થઈ ઘણા ભવોના દુઃખ આપનાર કર્મોને ક્ષય કરતા વિચરે છે.

( પ્રાકૃત વિજ્ઞાન કથાઓ )

( પૂ. આ. શ્રી કસ્તુરસુરીશ્વરજી મ. સા. )

卐



## સાચો જૈન....

વિશ્વના સઘળા અનર્થોનું મૂળ છે....
જડ પ્રત્યેનો રાગભાવ અને જીવ પ્રત્યેનો દ્વેષભાવ.


આ રાગ અને દ્વેષને જે સંપૂર્ણપણે જીતી લે
તે "જિન" કહેવાય. જિનેશ્વર કહેવાય.
આ જિનેશ્વરનો અનુયાયી એ સાચો જૈન....

જડ પદાર્થો પ્રત્યે વૈરાગ્ય જન્મે
અને જીવો પ્રત્યે પ્રેમ પ્રગટે
એવી જીવનસાધના જે કરે તે સાચો જૈન....
રાગ-દ્વેષને જીતવા માટેનું અજેય પર્વ એટલે
પર્યુષણ પર્વ....

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પર્યુષણ પર્વનો પાવન સંદેશ



લેખક : **શ્રી અગરચંદ નાહટા**

મનુષ્યને સુખશાંતિ પ્રદાન કરવી અને અંતમાં સર્વ દુઃખ અને અશાંતિના મૂળ રાગદ્વેષનો સંપૂર્ણરીતે નાશ કરીને કર્મબંધનમાંથી મુક્ત કરવો તે ધર્મનો ઉદ્દેશ છે. ભારતના પ્રાચીન વિદ્વાનોએ સંસારની અશાંતિ અને પ્રાણીઓના દુઃખનું કારણ શોધ્યું તો તેમને તેનું કારણ મોહ, મમત્વ, રાગદ્વેષ અને અજ્ઞાન જ જણાયું. જે વસ્તુઓ પોતાની નથી તેમને પોતાની માનીને તેમની પ્રાપ્તિમાં હર્ષ અને અપ્રાપ્તિ કે વિયોગમાં દુઃખ માનીને, ઇષ્ટ-અનિષ્ટ સંયોગ અને વિયોગમાં, મનુષ્ય અશાંતિનો અનુભવ કરે છે, આત્માના શુદ્ધ સ્વરૂપને ભૂલીને પૌદ્‌ગલિક પદાર્થોને સુખ અને દુઃખનું કારણ માને છે, એ જ તેનું અજ્ઞાન છે. અનુકૂળ પરિસ્થિતિઓને સુખ અને પ્રતિકૂળ પરિસ્થિતિઓને દુઃખ માનવામાં આવે છે, પરંતુ તે બંને પ્રકારની પરિસ્થિતિઓ મનુષ્ય પોતે જ ઉત્પન્ન કરે છે અને તેવી માન્યતા પણ કલ્પનાને કારણે જ બનેલી હોય છે. કોઇ વિપરીત કલ્પનાને કારણે જ, બાહ્ય પદાર્થોના સંરક્ષણ અને અભિવૃદ્ધિ માટે જ, મનુષ્યોનો બધો સમય બરબાદ થાય છે. અનુકૂળ પદાર્થો અને વસ્તુઓ વડે થોડા સમય સુધી તે સુખાનુભવ કરે છે. મોહ અને મમત્વની જાળ ફેલાવીને તે પોતે જ તેમાં ફસાઇ જાય છે. આ સર્વ વાતોનો અનુભવ કરીને, ભારતીય મહાપુરૂષોએ બાહ્ય પદાર્થોનું આકર્ષણ ઓછું કરવા માટે વૈરાગ્ય અથવા નિવૃત્તિને પ્રાધાન્ય આપ્યું છે. સાધકને માટે એકાન્ત, ધ્યાન, મૌન, સ્વાધ્યાય, સત્સંગ, સંયમ અને તપ આવશ્યક માનવામાં આવ્યા છે. અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ, તે સંયમની સાધનાને માટે જ છે. શાન્તિનો માર્ગ અનાસક્તિ અને સમભાવ જ છે. અનાદિ સમયથી જીવ બહિર્મુખી જીવનમાં પ્રવૃત્તિ કરતો આવ્યો છે છતાં જે શાન્તિ અને સુખ તે પ્રાપ્ત કરવા માગે છે તે હજી સુધી તેને પ્રાપ્ત થયું નથી, તેથી સ્પષ્ટ છે કે તેવી પ્રવૃત્તિઓથી શાંતિ મળી શકતી નથી તેથી પ્રશ્ન હવે એ ઉપસ્થિત થાય છે કે આખરે, શાન્તિનો માર્ગ કયો છે?

ખરી રીતે જોઇએ તો પર્યુષણપર્વને પ્રસિદ્ધ અને પ્રચારિત કરવાવાળા મહાપુરુષોના હૃદયમાં ભવ દુઃખોથી ત્રાસી પ્રાણીઓ ઉપર અનંત કરુણા હતી. જગતના જીવોનું અત્યંત કલ્યાણ કરવાની ઇચ્છાથી, તેમણે ધર્મારાધનનો એક સર્વશ્રેષ્ઠ અવસર આપ્યો અને આચાર્યોએ, પર્યુષણના દિવસોમાં દિનરાત એક પવિત્ર વાતાવરણ પ્રસરી રહે અને ધર્મભાવનામાં આત્મા ઓતપ્રોત થઇ જાય એવાં અનેક સાધનો યોજ્યાં. મનુષ્ય આળસુ છે. અનાદિકાળની ટેવને કારણે, તે વિષય-કષાયની તરફ અધિક પ્રવૃત્ત થતો રહ્યો છે. તેથી, પાપોમાંથી નિવૃત્ત થવા ઉપર ભાર દેવામાં આવ્યો અને સામાયિક, પૌષધ, પ્રતિક્રમણ, સ્વાધ્યાય, વ્યાખ્યાનશ્રવણ, પ્રભુપૂજા, આદિ ધાર્મિક પ્રવૃત્તિઓમાં મનુષ્ય આખો દિવસ લાગ્યો રહે તે માટે પર્યુષણના દિવસોમાં તેવી પ્રવૃત્તિઓને આવશ્યક માનવામાં આવી. આ પર્વનો આરંભ થતાં જ, શ્વેતામ્બર સમાજમાં અષ્ટાહ્નિકા વ્યાખ્યાન વાંચવામાં આવે છે, જેથી પર્વના દિવસોનાં કર્તવ્યનું સારી રીતે જ્ઞાન થાય અને તે કર્તવ્યો પાળવાની પ્રેરણા મળે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે પછી કલ્પસૂત્રનું વ્યાખ્યાન, પ્રાતઃકાળ અને મધ્યાહ્ન–બંને સમયે કરવામાં આવે છે. આમાં ટીકાકારોએ ઘણી જ જાણવા યોગ્ય વાતોનું જ્ઞાન પોતાની ટીકાઓમાં ભરી દીધું છે મહાપુરુષોના જીવનચરિત્ર સાંભળીને આપણાં જીવનને ધર્મમય બનાવવાની પ્રેરણા મળે છે. ભગવાન મહાવીર અને પાર્શ્વનાથ, નેમિનાથ અને ઋષભદેવ તેમજ ગણધરો અને આચાર્યોની પરંપરાની સાથે જ, જૈન મુનિઓના આચાર વિચારનું પણ કલ્પસૂત્રમાં સરસ વર્ણન છે. દિગમ્બર સમાજમાં દસ ધર્મોની આરાધનાનું વિધાન છે. આત્મોત્થાન માટે તે પણ અત્યંત ઉપયોગી અને મહત્ત્વનું છે. જો એક પછી એક ધર્મને આપણે આપણાં જીવનમાં સ્થાન આપવાની શરૂઆત કરીએ તો મોક્ષ આપણાથી દૂર રહેશે નહીં. દસ ધર્મામાં સૌથી પહેલો ધર્મ 'ક્ષમા' છે અને શ્વેતામ્બર સમાજમાં પણ, આ પર્વનો મુખ્ય સંદેશ 'ક્ષમાપના' માનવામાં આવે છે. પ્રતિક્રમણ દ્વારા આત્મવિશુદ્ધિ ઘણી સારી રીતે થાય છે. આ પર્વની આરાધના, આપણે બધા પવિત્ર હૃદયથી કરીએ. તેની જ શોધમાં તીર્થંકર આદિ મહાપુરુષોએ પોતાની સંપૂર્ણ શક્તિ લગાવી હતી. બાહ્ય સુખસાધનોને છોડીને તેઓ ત્યાગી અને નિર્ગ્રન્થ થયા હતા. વર્ષો સુધી તેમણે કઠોર તપ કર્યું. અનુકૂળ અને પ્રતિકૂળ, બધી જ પરિસ્થિતિઓમાં સમત્વ રાખવાનો તેમણે અભ્યાસ કર્યો. મૌન અને ધ્યાનમાં રહીને, તેમણે બધાં જ ધર્મબંધનોને કાપી નાખ્યા હતા અને ત્યારબાદ. તેમને જે નિર્મળ અને દિવ્ય અનુભૂતિ થઈ તેને, જગતના જીવોના કલ્યાણ માટે, પોતાના ઉપદેશોમાં તેમણે પ્રગટ કરી.

આમ તો ધર્મસાધના કોઇપણ સમયે કરવામાં આવે તો તેનાથી આત્મોન્નતિ થાય છે જ. પરંતુ જગતના જીવો બાહ્ય પ્રવૃત્તિઓમાં એટલા બધા અભ્યાસી થઇ ગયા છે કે તે પ્રવૃત્તિઓથી નિવૃત્ત થઇને, સત્યધર્મની પ્રવૃત્તિમાં વધારે સમય આપી શકતા નથી તેથી કેટલાક એવા દિવસો નક્કી કરવામાં આવ્યા છે કે ઓછામાં ઓછું તે દિવસોમાં તો તેઓ અધિકાધિક ધર્મારાધન કરે. જૈનધર્મમાં અનેક પર્વો છે જેમાં ધર્માચરણ કરીને, આત્મિક શાન્તિ પ્રાપ્ત કરી શકાય છે. પરંતુ તે બધા પર્વોમાં પર્યુષણ 'પર્વાધિરાજ' માનવામાં આવેલ છે. આખા વરસમાં થયેલા પાપોની આલોચના અને બીજાઓની સાથે કરેલ અનુચિત વ્યવહાર માટે ક્ષમાપના કરીને આત્મવિશુદ્ધિ કરવી તે આ પર્વનું પ્રધાન કર્તવ્ય અને સન્દેશ છે. જે દિવસે આપણે આખાયે વર્ષનાં પાપો અને કટુતાનું પરિશોધન કરી શકીએ, ખરી રીતે તે પર્વ કે દિવસનું જીવનમાં સૌથી મહત્ત્વપૂર્ણ સ્થાન હોય તે સ્વાભાવિક અને યોગ્ય છે. આખા વર્ષમાં આ એક જ દિવસ એવો છે કે જે દિવસે દરેક જૈન પ્રતિક્રમણ અને ક્ષમાપના દ્વારા આત્માને નિર્મળ બનાવવાનો પ્રયત્ન કરે છે. તેથી જ તેને સાંવત્સરિક પર્વ કહેવામાં આવે છે. શ્વેતામ્બર સમાજમાં ભાદ્રપદ શુક્લ ચતુર્થીને સાંવત્સરિક પર્વ માનવામાં આવે છે અને આત્મશુદ્ધિની તૈયારી કરવા માટે, આઠ દિવસ પહેલેથી જ આત્માને ધર્મમય બનાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે. તેથી તેને અષ્ટાહ્નિક પર્વ પણ કહેવામાં આવે છે.

અનુ. ડૉ. બાલકૃષ્ણ ધ્રુવ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ. પૂ. જંબુવિજયજી મ. સા. ઉપર
# વિદેશથી આવેલા પત્રો

## : જાપાનથી આવેલ પત્ર :

Dear Jambuvijayaji, 24-4-1995

I have received your letter of 4th of April through Somchand-bhai few days before. How are you and your disciples in Adariana? It must be very hot now in Gujarat.

I have been to Canada to attend an international conference on Jainism. There I had a chance to meet many friends whom you also know; Madam Callait, Nalini Balbir from Paris, Paul Dundas from Edinburgh Bronkhorst from Sweden etc. Nalini said that she wanted to send some photos to you so I taught her Jitubhai's address.

Have you received the amount of money for the manuscript's photos? Is that enough? Please let me know. I have nego-tiated with a certain Japanese doctor here in Miyakonojo to donate some money enough to have the first volume of Nayachakra. He agreed and offered to pay for that. So please inform me actual amount for that. The doctor will offer next year also.

Please give my best regards to your disciples and people in Adariya.

c/o. Miya konojo Kosen,
Miya Konojo,
Miya Zaki, Japan

Your most obedient student
FUJINAGA Sin

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## : અમેરિકાથી આવેલ પત્ર :

University of Pennsylvania

School of Arts and Sciences,
Department of Linguistics,
Room 619, Williams Hall,
Philadelphia, PA 19104-6305

George Cardona
Tel. : (215) 898-7849
Fax : 215-573-2091
E-mail : cardona @ unagi. cis. upenn. edu

૯-૫-૧૯૯૫

મુનિશ્રી જંબૂવિજયજી,
c/o. હિંમતલાલ કીર્તિલાલ સંઘવી
આદરિયાણા ૩૮૨ ૭૮૦ (વાયા : વિરમગામ) ગુજરાત

આદરણીય જંબૂવિજયજી,

નમસ્કાર

તમારો હંમેશા આનન્દ હોય એમ આશા કરું છું. તમે મોકલેલા પુસ્તકો (સિદ્ધહેમ-શબ્દાનુશાસન અને યોગશાસ્ત્ર) ચાર દિવસ પહેલાં (ગયે શુક્રવારે) મળી ગયાં તે માટે તમારો ખુબ આભારી છું. પહેલાં જ સિદ્ધહેમશબ્દાનુશાસનના કેટલાક અધ્યાય વાંચ્યા હતા. તે ફરીથી વાંચીને મારો ખ્યાલ છે કે તમારું સંસ્કરણ સર્વથી શુદ્ધ જ છે. આ સમ્પાદન કામમાં તમારું ગંભીર વૈદુષ્ય દેખાય છે. બે ત્રણ મહિના પછી મારી Panini, his Work and its Traditions, volume I : Background and Introduction નામક ચોપડીની બીજી આવૃત્તિ પ્રકાશિત થશે. તમને આની પ્રતિ જરૂર મોકલાશે.

સાદર તમારો
જોર્જ કાર્દોના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## : જર્મનીથી આવેલ પત્ર-૧ :

Muni Jambuvijayji Berlin, May 11, 1995

P. O. Adariyana 382 780
( Via : Viramgam ) Gujarat-Indian
Respected Muniji,

I hope this finds you in good health. I also hope that the health of your mother who has reached a ripe age is satisfactory.

Very many thanks for your letter of 26-10-94 and for the parcel with your edition of Hemacandra's Sabdanusasana (I-VII) with Laghuvratti. It reached me last month. I am glad that I have this valuable publication and I congratulate you and your co-workers on the completion of this task.

In your letter you mention Deogarh and my book, which was published in 1969. At the moment I have finished an article on **Jaina iconography.** After that I will probably write an article **on Deogarh** in order to update my earlier studies. You will see all the offprints. The Deogarh book itself is very expensive, but I hope that sooner or later the price will be reduced and in that case I will buy a copy and make it available for you. The jirnoddhar at Deogarh has in fact done more harm than good, at least from the point of view of art history. Unfortunately nothing can be done and similar changes may take place at other tirthas

There has been a conference on Jaina studies in Toronto (Canada) from March 31 to April 2. I suppose you have been informed about it. I could not attend it myself due to my health problems. However, I am still doing some teaching at the university inspite of my retirement in 1991.

I remember having met you during my stay in India from 1954-57. But my memory is no longer fresh and I do not think that I remember also your Gurudeva.

Once more many thanks for all the books which I have received from you these last years, and respectful regards.

Cimbernstra Be 3,
D-14129 Berlin

Your sincerely,
Klaus Bruhn

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## : જર્મનીથી આવેલ પત્ર-૨ :

May 15th, 1995

Venerable Muniraja Jambuvijaya,

Thank you very much for the beautiful edition of the Shri Siddha Hemacandra Sabdanusasana as I did not have that text before, and I am grateful to have it at my disposal now.

These days I obtained a grant towards the printing costs of my edition of the four major Nijjuttis. I have been working on since last year. I hope I can bring it out soon and shall send you a copy then as usual.

Sincerely yours,
Prof. Dr. W. B BOLLEE

Sudasien-Instituteder University
at Abt. 1, Religionsgeschichie
u. Phiosophie,
Im Neuenhelmer Fold 330
D-69120 Heldelberg

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સંપત્તિ વધે છે તેમ સુખ ઘટે છે !

ચીમનલાલ એમ. શાહ
'કલાધર' ( મુંબઇ )



આપણા ધર્મ ગ્રંથોમાં સુખના ચાર પ્રકાર બતાવવામાં આવ્યા છે તે છે :–( ૧ ) કુટુંબમાં સંપ, ( ૨ ) જીવનમાં શાંતિ, ( ૩ ) ચિત્તમાં પ્રસન્નતા અને ( ૪ ) શરીરે આરોગ્ય. આ ચાર સુખોમાંથી એક સુખનો પણ અભાવ હોય તો તે વ્યક્તિ પોતે સુખી થતો નથી અને પોતાના પરિવારને પણ સુખી કરી શકતો નથી.

જો પોતાના કુટુંબમાં ધન-સંપત્તિ માટે ગળાકાપ સ્પર્ધા ચાલતી હોય તો તે કુટુંબ ગમે તેટલું સુખી હશે તો પણ આવા કુટુંબના સભ્યો તીવ્ર અજંપાથી જ પીડાતા હશે.

જો જીવનમાં કોઇ કારણસર શાંતિ નહિ હોય તો અઢળક સંપત્તિ પણ નિરર્થક જણાશે. અશાંત વ્યક્તિને લક્ષ્મી કદી સુખ આપી શકતી નથી.

જો ચિત્તમાં પ્રસન્નતાનું ઝરણું વહેતું નહિ હોય તો માણસના સુખ–એશઆરામની કોઇ કિંમત નહિ રહે. માનસિક તનાવોથી તેવી વ્યક્તિ હંમેશા પીડાતી રહેશે.

જો શરીરમાં સ્વસ્થતા નહિ હોય, શરીર નિત્ય માંદલું રહેતું હશે તો તમારા બધા જ ખાન-પાન, માન-પાન અને સન્માન બેકાર બની જવાના. 'પહેલુ સુખ તે જાતે નર્યા' એ ઉક્તિ યથાર્થ છે. તન સાજુ હશે તો જ બધી સુખ સામગ્રી સાર્થક રહેશે.

ટૂંકમાં આ ચારેય સુખ હશે તો જીવન સહજ રીતે, સરળ રીતે ચાલશે. પણ આમાંના એકાદ સુખનો અભાવ સમગ્ર જીવનને દુ:ખમય, ચિંતામય અને કલેશમય બનાવી દેશે.

પ્રશ્ન એ છે કે સુખ એટલે શું ? જેની પાસે મોટર, બંગલો, ધન, દોલત વગેરે સામગ્રી હોય તે વ્યક્તિ સુખી કહેવાય ? હકીકત સાવ જુદી જ છે. અઢળક ભૌતિક સામગ્રીવાળો માણસ સુખી જ છે તેમ માની લેવાની જરૂર નથી પરંતુ પ્રેમ, ઉદારતા, સંયમ, સહિષ્ણુતા, કરુણા વગેરે ગુણોથી વાસિત માણસ જ ખરા અર્થમાં સુખી છે. અપાર સંપત્તિ ધરાવનાર વ્યક્તિ એટલો દુ:ખી હોઇ શકે કે તેને ડગલે ને પગલે આપઘાત કરવાના વિચારો આવતા હોય. ખરેખર તો સામગ્રી વધે છે તેમ સુખ ઘટે છે અને દુ:ખ વધે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુખ તો ગુણી બનવામાં છે. કુટુંબમાં સંપ, જીવનમાં શાંતિ, ચિત્તમાં પ્રસન્નતા અને શરીરે આરોગ્યતા એ જ પાયાના સુખો છે. કેવળ ધનવાન માણસ આ ચારમાંથી એક પણ સુખને પામી શકતો નથી. આથી જ આવી વ્યક્તિ કુટુંબના કજિયાઓથી સતત્ દાજતી હોય છે. એમને શાંતિ હોતી નથી અને ચિત્તની પ્રસન્નતા તેમને સ્પર્શી શકતી નથી. દવાઓ ખાઇને જીવનારા આવા લોકોને આરોગ્યનો આનંદ કદી પ્રાપ્ત થતો નથી અને એથી જ જૈનધર્મમાં ત્યાગ અને સંયમનો ભારે મહિમા ગવાયો છે. 卐

## માનવ છીએ ખરા ?

આપણે ખરેખરા માનવ છીએ ખરા? છાતી પર હાથ મૂકીને જો સાચું બોલશું તો આપણે કબૂલવું પડશે કે આપણે માનવદેહ લઇને ફરીએ છીએ પરંતુ આપણામાં હજીય પશુતા પડેલી છે. શિયાળની લુચ્ચાઇ, ઉંદરનો લોભ કે કાગડાની કુદૃષ્ટિ માણસનાં લોહીમાં બેઠાં છે.

મનુષ્યનો આકાર તો લઇને બેઠા છીએ. પરંતુ મનુષ્યત્વ ક્યાં છે? મનુષ્યમાં મનુષ્યત્વ પ્રગટાવવુ હોય તો, માનવીમાં આવૃત થયેલી ધર્મભાવના પ્રગટાવો.

ધર્મના પ્રકાશ વડે જ નિર્માલ્ય નર નરવીર બનશે, સત્તા કે પૈસા વડે નહિ....

શ્રી જૈન આત્માનંદ સભા તરફથી
મન-વચન અને કાયાથી સર્વોને




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ❀ हिन्दी विभाग ❀

धारावाहिक धार्मिक कथा

## जिनदत्त

भाग–२

लेखक : राजयश विजय

इससे पूर्व आप पढ़ चुके हैं कि जिनदत्त जुएमें हार जाने से लज्जाका अनुभव करने लगा। उसने पत्नीको मायके छोड दिया और औदत्त सेठ के साथ जहाजमें विदेश गया। फिर दशपुरकी राजकुमारी श्रीमतीके साथ विवाह हुआ।

अब आगे पढिये।

---

जब जहाज आगे मार्ग में गये तो श्रीमतीका रूप देखकर राग और लोभमें अन्धे बने हुए सेठ औदत्तका मन चलायमान हो गया। र कर्मवाले पापी सेठने मध्य रात्रिके समय जिनदत्तको समुद्रमें किवा दिया। उसी समय जहाजमें कोलाहल मच गया। जब श्रीमतीने सुना कि उसका पति समुद्रमें गिर गया है तो वह सेठसे कहने लगी, "हे पिताजी! आप कुमारको समुद्रमें छोड़कर कहां जा रहे हो।" बहुत अधिक से रही श्रीमतीको सेठने कहा, "कुमार मेरा पुत्र नहीं था। वह तो मेरा दास था। तू मेरे साथ गृहस्वामिनी बनकर रहो।"

श्रीमती विचार करने लगी, इसीने मेरे पतिको समुद्रमें फेंका है, अन्यथा यह ऐसी बातें न करता।" इसी सम्बन्धमें शास्त्रकारोंका कथन है :

**भक्खणे देवदव्वस्स, परत्थीण य संगमें।**
**सत्तमं तरगं जंति, सत्तवारा य गोयमा॥**

अर्थात् हे गौतम! जो देवद्रव्यका भक्षण करता है तथा परस्त्री सेवन करता है वह सातबार सातवीं नरकमें जाता है।

परस्त्री अनुरक्त सेठ को शिक्षा देनेके लिए श्रीमतीने कहा, "मेरे शीलके प्रभावसे जहाज डूब जाए।" उसी समय जहाज डोलने लगा। जहाजमें सफर करनेवाले सभी मनुष्य क्रोधित हो उठे। सभी मनुष्योंके आक्रोषको देखकर डरा हुआ सेठ श्रीमतीके चरणोंमें गिरकर कहने लगा, "मुझ दुष्टके पापको क्षमा करो!" फिर कोई और आदमी कहने लगा, "हम निरपराधियोंकी रक्षा करो।" फिर श्रीमतीने अपने हाथके स्पर्श द्वारा जहाजको स्थिर कर दिया।"

फिर वह अपने मनमें इस प्रकार खेद करती है, "भाग्यने मुझे ऐसे स्थान पर गिरा दिया है जो मैं कह नहीं सकती। व्यक्ति सोचता कुछ है परन्तु होता कुछ और ही है।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



करता कुछ और है और बन कुछ और ही जाता है। रातको सोते समय मनोरथ कुछ और करता है परन्तु प्रातः होने पर कुछ और ही बन जाता है। भाग्यने ही मेरे आशारूपी वृक्षको जड़से ही उखाड दिया है। मैं कहां जाऊं? क्या करूं? मायके जाना उचित नहीं। आत्महत्या करना भी ठीक नहीं। उसने निश्चय किया कि चम्पापुरीमें विमलमतीके पास जाना ही ठीक रहेगा। ऐसा विचार कर वह चम्पापुरीमें गई।

चम्पापुरीमें जाकर सर्वप्रथम वह जिनमन्दिरमें गई। उसने वहां पर भगवानको नमस्कार किया और जिनदत्तका नाम लेकर पुनः नमस्कार किया। विमलमती वहां पर पहले से ही आई हुई थी। विमलमतीने श्रीमतीके मुखसे जिनदत्तका नाम सुनकर उससे सारा परिचय प्राप्त किया और उसे सारी स्थितिका ज्ञान हो गया।

विमलमती श्रीमतीको अपने पिताके पास ले गई और वे दोनों दीक्षा लेनेके लिये तैयार हो गई। पिताने कहा, हे वत्से! तुम बारह वर्ष तक प्रतीक्षा करो। हो सकता है कि तुम्हारे पुण्ययोगसे तुम्हारा पति मिल जाए। उन्होंने १२ वर्ष तक साध्वी जीवन अंगीकार करना स्थगित कर दिया।

जब जिनदत्तको समुद्रमें गिराया गया उस समय समुद्रदेवने तीन बार लहरोंमें उच्छाला पैदा किया और पूर्वपुण्यके योगसे उसे एक लकड़ीका तख्ता मिला जिसका सहारा ले कर वह समुद्र पार करने लगा।

रत्नपुरी नगरीमें विज्जाहर नामका राजा रहता था। उसकी ८४ रानियोंमेंसे अशोकश्री पटरानी थी। उसकी एक पुत्री थी जिसका नाम विज्जाहरी था। वह रूपवती, शीलवती और शील आदि गुणोंसे संयुक्त थी। राजा उसका विवाह करना चाहता था परन्तु वह सांसारिक सुखोंसे विमुख थी। राजाने उसे समझाया तो उसने उत्तर दिया, हे पिताजी। यदि कोई मनुष्य अपनी दोनों भुजाओंसे समुद्रको पार कर यहां आएगा तो मैं उसके साथ विवाह करुंगी अन्यथा दीक्षा लूंगी। इसी सम्बन्धमें शास्त्रकारोंका कथन है :—

**अघटित घटितानि घटयति,**
**सुघटितघटितानि जर्जरीकुरुते।**
**विधिरेव तानि घटयति,**
**यानि पुमान् नैव चिन्तयति॥**

अर्थात्–जो नहीं घटनेवाली घटनाएं हैं वह घट जाती हैं और जो घटनेवाली घटनाएं हैं वह समाप्त हो जाती हैं, विधि ही ऐसी घटनाओंको घटाता है जो व्यक्ति सोच भी नहीं सकता।

समुद्रको तैरता हुआ जिनदत्त रत्नपुरीमें पहुंच गया। जब वह समुद्रमें से निकलकर उसके किनारे पर पहुंचा तो राजपुरुषोंने उसे देख लिया तथा वे उन्हें राजाके पास ले गये। राजा उसके विनय आदि गुणोंको देखकर विचार करने लगा कि यह कुलीन है। कहा भी है, "आचारः कुलमाख्याति" अर्थात् आचार कुलको कहता है। राजाने अपनी पुत्री

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



विज्जाहरीका विवाह उससे करनेका निश्चय कर लिया। इसी सम्बन्धमें शास्त्रकारोंका कथन हैं :

**उदयति यदि भानु, पश्चिमायां दिशाया,**
**प्रचलति यदि मेरुः, शीततां याति वह्नि।**
**विकसति यदि पद्मं पर्वताग्रे शिलायां,**
**तदपि न चलतीयं भाविनी रेखा ॥**

अर्थात् - यदि सूर्य पश्चिम दिशामें उदय हो जावे, यदि मेरु चलायमान हो जावे, अग्नि शीतल बन जावे तथा पर्वतके सबसे उपरवाली शिला पर कमल उग जावे तो भी कर्मरेखा चलायमान नहीं होती अर्थात कर्मरेखा अपना फल अवश्य देती है।

राजाने ज्योतिषीको बुलाकर शुभ मुहूर्त निकाला। जब वेदीमें फेरे होनेवाले थे उस समय कन्याने वरको अपने पितासे अतिबन्धनी, जलशोषणी, अग्निस्तम्भिनी, बहुरूपिणी अञ्जनी, तारनी आदि सोलह विद्याएं और मन इच्छित बननेवाले विमान मांगनेको कहा। फिर वहां पर कन्याका पिता वहां आया और उसने वर-राजासे कुछ मांगनेको कहा। उस समय वरने सोलह विद्याएं तथा विमान मांगा।

राजा विचार करने लगा, इसने मेरे घरके रहस्यको कैसे जाना? मेरी पुत्रीने ही इसे कहा होगा। ये विद्याएं तो किसीको देनी ही हैं और यह मेरा जामाता भी है और यह पुरुष संसारमें दुर्लभ है। इसको विद्याएं देकर सोने पर सुहागेवाला काम होगा। इस प्रकार विचार कर उसने कुमारको १६ विद्याएं और मन इच्छित बननेवाला विमान दे दिया धर्मके प्रभावसे उसका काल सुखपूर्वक व्यतीत हो रहा था।

फिर किसी समय कुमार विज्जाहरीके साथ शत्रुंजके पासोंके साथ खेलते हुए परस्पर वार्तालाप कर रहा था तो उस समय कुमारको विमलमती याद आ गई। राजाकी आज्ञा ले कर जिनदत्त अपनी धर्मपत्नी विज्जाहरीके साथ विमानमें बैठकर चम्पानगरीमें गया। वहां अञ्जनी विद्याका प्रयोग कर वह अदृश्य हो गया।

प्रातःकाल होने पर जब विज्जाहरी जागी तब उसने अपने पतिको न देखा। इससे उसे बहुत दुःख हुआ और मनमें ऐसा विचार करने लगी, "यह क्या हो गया? मुझे एकाकी छोड़कर कहां चला गया। विधिने मेरे साथ कैसा खेल खेला है।" इस प्रकार विचारमग्न महा शोकमें डूब गई। विरहसे व्याकुल रोती हुई उसने लोगोंको जिनदत्तका वृत्तान्त कहा। विमलमती का पिता विमल सेठ भी वहां ही उसी नगरमें रहता था। विमल सेठ उसके पास गया और उसे अपने घरमें लेकर आया। जिनदत्तकी दो पत्नियां पहले ही सेठके घर पर थीं, अब तीनों ही एक जगह पर मिल गई।

कुमारने रूप प्रवर्तिनी विद्या केवलसे एक कुबडेका रूप बनाया। वह उस नगरमें सबको प्रसन्न करने लगा।

वामन (कुबडा) रूप जिनदत्त राजाके पास गया और वहां पर जाकर अनेक प्रकारसे राजाका मनोविनोद करने लगा उसे इनाम भी मिलने लगे। फिर मंत्री तथा राजाने परस्पर विचार किया कि कुबडेको अधिक इनाम आदि देनेसे खजाना खाली हो जायगा। एक दिन राजाने उसे बुला कर कहा, "विमलसेठकी धर्मशालामें

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तीन महिलाएं हैं। उनका अपने पतिसे वियोग हो चुका है और उन्होंनें मौनव्रत धारण किया हुआ है। अपनें बुद्धिबलसे ऐसा कार्य करो कि वे बोलना शुरू कर दें।" तारणी विद्याके बलसे उसनें एक शिलाको आकाशमें उडते हुए दिखाया और फिर राजासे कहनें लगा "कि जबतक मैं तीनों महिलाओंका मौन भंग नहीं करता तब तक मैं कोई इनाम नहीं लूंगा।"

राजा सभासदोंके साथ वामनको लेकर धर्मशालामें गया। जिनदत्तकी तीनों पत्नीयां वहां पर धर्माराधनमें तत्पर, नीचे दृष्टि की हुई, अपनें सारे अंगों को कपडेसे ढके हुए बैठी हुई थीं। सर्वप्रथम उसनें विमलमतीको सम्बोधन करते हुए कहा, "हे भद्रे! तुम मेरे साथ क्यों नहीं बोलति हो? क्या तुम यह भी भूल गई हो कि जब मैं ११ क्रोड रुपया हार गया था तब तुमने पंद्रह क्रोडका कञ्चुक धूतकारों को दिया था।" यह वचन सुनकर विमलमतीने कहा, "हे वामन! तुम यह वृत्तान्त कैसे जानते हो। क्या तुम जिनदत्त हो।" विमलमतीके एसा कहने पर उसनें कहा, "यह मैं कला बताऊंगा। आज मुझे काम है।" फिर सभी अपनें अपनें स्थानको गये।

दूसरे दिन राजा, वामन और सभासद श्रीमतीके पास गये। वामननें कहा, "हे सुन्दरि! क्या तुम मुझसे बात न करोगी? क्या तुम यह भूल गई हो कि मैं तुम्हारे महलमें आया था और सर्पको निकालकर कुंएमें फैंसा था और तुम्हें नीरोग कर सुख दिया था।" उसी समय वह कहनें लगी, 'हे वामन! समुद्रमें गिरा हुआ जिनदत्त कहां है? तुम्हें उसका वृत्तान्त कैसे पता चला! तुम कौन हो? यह सब मुझे बताओ। कुबडे ने कहा, "आज मुझे काम है. कल बताऊंगा।" बाहिर आकर सबको समाचार दिये और सभी अपने अपने घरोंको गये।

तीसरे दिन विज्जाहरीके पास गया और कहने लगा, हे भद्रे! क्या तुम मुझे नहीं जानती? जब तु वेदीमें बैठी थी तुम्हीं ने तो सोलह विद्या और विमान मांगनेके लिये कहा था। विद्याके बलसे ही मैं अब सब कुछ कर रहा हूं। उसी समय वह बोल उठी, "यह सब सत्य है। विद्यावान मन चिन्तित रूप बना सकता है।"

[क्रमशः]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# थाना में भव्य संक्रांन्ति समारोह संम्पन

कोंकण का शत्रुंजय थाना नगरी इस वर्ष गुरुतीर्थ मय बना हुआ है. यहां पर जंगम तीर्थरूप पंजाब केसरी युगवीर जैनाचार्य श्रीमद् विजयवल्लभ सूरीश्वरजी म. सा. के क्रमिक पट्टधर वर्तमान गच्छाधिपति श्रवण परम्परा के उज्ज्वल नक्षत्र सम चारित्र चूडा-मणि तपो सम्राट शासन शिरोमणी जैनाचार्य श्रीमद् विजय इन्द्रदिन्न सूरिश्वरजी म.सा. व कार्यदक्ष शासन प्रभावक आचार्यदेव श्रीमद् विजयजगच्चन्द्र सूरीश्वरजी म. सा. आदि ठाणा २२ की पावन निश्रामें दिनांक १७-७-९५ को सब्यरूपसे संक्रांति कार्यक्रम संपन्न हुआ इस संक्रान्ति समारोहमें पंजाब, हरीयाणा, उ.प्र. गुजरात, राजस्थान, बीकानेर, बम्बई, मद्रास, बेंगलोर आदि स्थानों से प्रतिमास आनेवाले गुरु भक्तगण पधारे थे।

पूज्य गुरुदेव ठीक ८-३० बजे मंगलाचरण से धर्मसभा का प्रारम्भ हुआ, स्थानिय लोग व बम्बईके असंख्य व्यक्ति संक्रान्ति कैसी होती है व पंजाबी गुरुभक्तों की की गुरुभक्तिको देखने के लिए आये हुए थे कितने ही व्यक्तियों ने पहली बार संक्रांन्तिका कार्यक्रम देखा। पूज्य गुरुदेव के मंगलमय मंगलाचरण पश्चात मुनि श्री जिनचन्द्र विजयजी म.ने नवकार महामंत्र की सामुहिक धून बुलवाकर सारे वातावरण को धर्ममय बना दिया साथ ही उन्होंने एक भक्ति गीत भी सूनाया। बादमें थाना श्रीसंघ के प्रमुख श्री चंदनमलजी ने संक्रांन्ति के अवसर पर पधारे महानुभावों का भावभीना स्वागत किया साथ ही गुरु वल्लभ व उनके समुदाय के साधु-साध्वीयों के राजस्थान पर किये गये उपकारों का वर्णन किया। इस अवसर पर श्री मोहनलालजी व महाराज जी महेता ने गुरु भक्ति का गीत अपने हृदय के उद्‌गारों के साथ गाया साथ ही पंजाब जंडियाला गुरु से आया हुआ बाल गुरुभक्त श्री मौतु जैन ने गुरु भक्ति का गीत गा कर सभा को बांध दी। पश्चात विद्वान प्रवचनकार मुनि श्री अरुण विजय जी म.ने अपने सार गर्भित प्रवचन में कहा कि इस असार संसार कोई भी जीवात्मा जन्म धारण करता

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



है वह अनित्य अचल व अथिर है जिसने जन्म लिया उसे मरना भी अवश्य है फिर भी न जाने क्यों मानस धन दौलत के पीछे दिवाना हैं यह धन दौलत भी जीवन की तरह क्षणभंगूर है न जाने कब समाप्त हो जाय इस क्षणभंगूर जीवन से हमें आगे के लिए कुछ धर्म करणी कर लेनी चाहिए नहीं तो वृद्धावस्था में पश्चाताप के शिवाय उसके पास कुछ भी नही रहेगा हमारा जीवन प्रति क्षण मृत्यु की ओर सरकता जाता है, उन्होने आगे कहा कि लोग अपना जन्म दिन मनाते है पर मैं उन्हें जन्मदिन नही अपितु मृत्यु दिन कहुँगा क्यों कि जो व्यक्ति को जितने शाल जिना था उसमें से ३६५ दिन कम हो गये वह क्या हुआ मृत्यु निकट आई कि दूर गया, अतः हमें अपने महामूल्य जीवन को धर्म में जूडकर जो भी कुछ अच्छे कार्य हो जाय वह कर लेना चाहिए उसी में हमारा श्रेय है। आग्रा के परम गुरुभक्त श्री रघुवीर व सादडीके दिवाने गुरुभक्त मोतीलाल जी रांका ने गुरुभक्ति गीत गाया।

पश्चात् कार्यदक्ष आचार्यदेव श्री जगच्चन्द सूरीश्वर जी म.सा.ने अपने व्यक्तव्यमें अनुशासन पर बोलते हुए कहा कि आज समाजमें परिवारमें अनुशासनकी अति आवश्यक्ता हैं बिना अनुशासन का समाज व परिवार कभी उन्नति नहीं कर सकता उन्होंने कहा कि मुझे पंजाबी गुरुभक्तों व पंजाब केसरी गुरु वल्लभ के गुरु भक्तों पर गर्व है क्योंकि वे गुरु वल्लभ के पाट परम्परा पर बिराजमान आचार्य भगवंत के प्रति समर्पित है गुरुदेव की जो भी आज्ञा उनके लिए ब्रह्म सूत्र के बराबर है। साथ ही उन्होने समाज की एकता अखंण्डता के लिए सभीसे अह्वान किया। पश्चात् श्रीसंघ के कर्मठ कार्यकर्ता श्री बाबुलालजी ने अपने वक्तव्य में कहा कि मैं गुरुदेव से प्रार्थना करता हूं कि गुरुदेव थाना श्री संघ अधुरे कार्यो को जरुर पुरा करेगा बादमें इस माह की संक्रान्ति का लाभ लेनेवाले महानुभाव श्री सीमजी भारमल चांपशी परिवार का श्री संघ थाना के ट्रस्टीगण सर्व ही चंदनमलजी व बाबुलालजी ने तिलख का हार पहनाकर किया श्री जुगराजजी भी अपने उद्गार व्यक्त किये।

पश्चात् सादडी के सुप्रसिद्ध कवि श्री प्रदीपजी जैन ने अपनी कविता सूनाई जिस के शब्द थे

संतो की भक्ति,

अहिंसा, संयम और तप को अपनाने की भक्ति है।

संतों की शक्ति,

जीवन की गहराईयों और ऊँचाइया को छूनेकी शक्ति है। श्री रघुवीरजी ने संक्रान्ति भजन सूनाया।

अन्तमें पूज्य गुरुदेव ने अपनी अमृतमय वाणीमें संक्रान्ति उपदेश देते हुए कहा कि प्रत्येक मनुष्य के जीवनमें नम्रतागुण आना चाहिए जो व्यक्ति नम्रतायुक्त होगा उसे समाजमें प्रतिष्ठापान तो मिलेगा ही साथ ही वह व्यक्ति का उद्धार भी जल्दीसे हो जाता है जहाँ नम्रतागुण होगा तो माया-राग-द्वेष

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



उसके जीवनसे परे हो जायेंगे और जहाँ राग-द्वेष नही है वहाँ ही मोक्ष है। जीवनमें नम्रतागुण आना बहुत आवश्यक है, हम भी हमारे अमूल्य जीवन को नम्रता गुण से भरदें तभी हमारा जीवन सार्थक होगा। पश्चात गुरुदेवने संक्रान्ति स्तोत्र प्रारंभ किया मुनिश्री योगेन्द्रविजयजी ने अन्य स्तोत्र सूनाये अन्तमें पू. गुरुदेवने संक्रन्ति नाम का श्रवण कराया सारा होल गुरुदेवों के जयकारों से गूंज उठा संक्रान्ति सभाका संचालन श्री जुगराजजी पुनमिया के किया। बहार से पधारे गुरु भक्तो के भोजन की व्यवस्था खाना श्री संघने बहुत अच्छी की साथ ही इस कार्यक्रम को यशस्वी बनाने के लिये थाना श्रीसंघ के ट्रस्टीगणों व स्थानिय मंडलों के कार्यकर्ताओंने असीम प्रयास किया।

चौमासी चौदशसे सांकली अट्ठम अट्ठाइ १५ मासक्षमण सांकली श्रीसंघ में चल रहे है।

दर रविवार २ से ३ बजे बच्चे और बच्चीओ ५ सालसे १८ सालके बच्चो बच्ची-ओंकी शिबिर अरुणविजय चला रहे है

बहेनोमें शिबिर सुमतिश्रीजी चला रही है।



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# थाना श्री संघ में विविध प्रकार के धर्म अनुष्ठान की धर्म लहर

थाना श्री संघ में जब से परम पूज्य परमार क्षत्रियोद्धारक चारित्र चुडामणि, वर्तमान गच्छाधिपति आचार्यदेव श्रीमद् विजयइन्द्रदिन्न सूरीश्वरजी म. सा. का जब से चातुर्मास प्रवेश हुआ तभी से श्री संघ में विविध प्रकार की तपस्याएं विविध प्रकार के अन्यान्य कार्यक्रम चल रहे हैं।

चौमासी चउदस से सलंग सांकली अट्ठम, अट्ठाई, छट्ठे महिना उपवास मासक्षमण आदि तपस्याए श्री संघमें चल रही हैं।

प्रतिदिन व्याख्यान में पूज्य आचार्यभगवंत श्रमण भगवान महावीर की अन्तिम देशनारूप उत्तराध्ययनसूत्र पर व्याख्यान चलता है, साथ ही विद्वान प्रवचनकार मुनिश्री अरुणविजयजी म. सा. गौत्तमपृच्छा पर प्रवचन करते है श्रोतागण अच्छी संख्या में भाग ले रहे है।

प्रति रविवार को मुनिश्री अरुणविजयजी म. बाल शिविर का आयोजन कर रहे है जिसमें ३५० से अधिक बालक बालिकाए धर्म संस्कार का लाभ ले रहे हैं।

[ साथ–साथ अनेक मुनियों के योगोदहन भी चल रहे हैं। सेवाभावी मुनिश्री विनोदविजयजी को अन्तगड दशांग सूत्र के योग मुनिश्री अरुणविजयजी म. को समवायांग सूत्र के योग मुनिश्री योगेन्द्रविजयजी म. को ज्ञाताधर्म के योग मुनिश्री जिनचन्द्रविजयजी को उत्तराध्ययन के योग मुनिश्री राजेन्द्रविजय व मुनिश्री ऋषभचन्द्र विजयजी को कल्पसूत्र के योग एवं साध्वी श्री सुमेधाश्रीजी साध्वी श्री सुनंदिताश्रीजी को उत्तराध्ययन सूत्र के योगदहन चल रहे हैं।]

—०—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# યાત્રા પ્રવાસ

શ્રી જૈન આત્માનંદ સભા તરફથી સં. ૨૦૫૧ના જેઠ વદ ૬ ને રવિવાર તા. ૧૮-૬-૯૫ ના રોજ શ્રી તળાજા (તાલધ્વજ) ગિરિરાજનો યાત્રા પ્રવાસ રાખવામાં આવેલ હતો. તેમાં સભાના સભ્યશ્રી ભાઈઓ તથા બ્હેનો સારી એવી સંખ્યામાં આવેલ હતા. તળાજા ડુંગર ઉપર દાદાના દરબારમાં રાગ રાગીણીપુર્વક પુજા ભણાવવામાં આવી હતી. તળાજા યાત્રા પ્રવાસના ડોનરોની વ્યાજુ રકમમાંથી શ્રી તળાજા ધર્મશાળામાં ગુરૂભક્તિ તથા સ્વામીભક્તિ કરવામાં આવેલ હતી.

## શ્રી તળાજા યાત્રા પ્રવાસના ડોનરોના નામ

| | | |
|---|---|---|
| (૧) | શેઠશ્રી ધનવંતરાય રતીલાલ શાહ (અંબીકા સ્ટીલવાળા) | ભાવનગર |
| (૨) | શેઠશ્રી હઠીચંદ ઝવેરભાઇ શાહ હ. શ્રી ભૂપતરાય નાથાલાલ શાહ | ભાવનગર |
| (૩) | શેઠશ્રી નાનચંદભાઇ તારાચંદભાઇ શાહ હ. શ્રી ભૂપતરાય નાથાલાલ શાહ | મુંબઈ |
| (૪) | શ્રીમતિ અંજવાળીબેન વચ્છરાજભાઈ શાહ હ. શ્રી ભૂપતરાય નાથાલાલ શાહ | ભાવનગર |
| (૫) | શેઠશ્રી ચુનીલાલ રતીલાલ સલોત | ભાવનગર |
| (૬) | શેઠશ્રી જયંતીલાલ રતીલાલ સલોત | ભાવનગર |
| (૭) | શેઠશ્રી ભોગીલાલ વેલચંદભાઇ મહેતા હ. જસવંતરાય ભોગીલાલ મહેતા | ભાવનગર |

卐

## જોઇએ છે

શ્રી જૈન આત્માનંદ સભાનું રોજબરોજનું કામકાજ જેવું કે માસિક-પત્ર પ્રકાશન અને પોસ્ટને લગતા કાર્યો, પુસ્તકો મોકલવા, પત્ર વ્યવહાર, હીસાબ-કિતાબ અને અન્ય વ્યવસ્થાકીય કાર્ય માટે એક મહેતાજીની જરૂર છે. સારા હસ્તાક્ષર, કામમાં અત્યંત ચીવટ, ગુજરાતી, હીંદિ અને અંગ્રેજીનું જ્ઞાન આવશ્યક છે. સુયોગ્ય વ્યક્તિએ અરજી પોતાના હસ્તાક્ષરમાં અનુભવ અને અત્યારે મળતા પગારની વિગત તેમજ ઓળખાણ (Reference) સાથે સેક્રેટરી, શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઇટ, ભાવનગર એ સરનામે તા ૩૧-૮-૧૯૯૫ સુધીમાં કરવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Shree Atmanand Prakash Reg. No. GBV. 31

## સમજદારીનું ફળ....

क्रोधादिदोषाधीन-
त्वमज्ञानाबलसम्भवम् ॥
तेषां संयमनं श्रेयः,
फलं बुद्धेश्च तत् परम् ॥

卐

* ક્રોધ આદિ દોષોને વશ થવું એ અજ્ઞાન અને નિબળતાનું પરિણામ છે એમના ઉપરનું સંયમન સુખકર અને હિતકર છે, અને એ સમજદારીનું મુખ્ય ફળ છે.

卐

* To be subject to faults-anger and others, is due to ignorance and mental weakness. The subjugation of them is the best way to well-being, and it is chief fruit of wisdom.

પ્રતિ,

૮૬ શેઠ અમૃતલાલ ફુલચંદ
શાંતિ નિકેતન, ૯૫/A મરીન ડ્રાઇવ,
ચીજે માળે ફ્લેટ નં. ૧૧. મું. ૨

BOOK-POST



From,
શ્રી આત્માનંદ પ્રકાશ
ઠે. શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેટ, ભાવનગર-૩૬૪૦૦૧

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : સાધના મુદ્રણાલય, દાણાપીઠ પાછળ, ભાવનગર

For Private And Personal Use Only